
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના બેટા, અમારા વખતમાં આવા કોઈ ડે ન હતા... ખાલી હરડે હતી... સારુ ન લાગે ત્યારે લઈ લેતા...!!

# જિલ્લાના અડાલજમાં મા અન્નપૂર્ણા ભોજનાલયનો પ્રારંભ

### પ્રતિદિન રૂ. ૪૦૦-૫૦૦ કમાનારાઓની રાત-દિવસની મહેનત પછી બચત બનવાનું કારણ “મા અન્નપૂર્ણા ભોજનાલય બનશે : સંઘવી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના કોબા-અડાલજ હાઈવે ઉપર મા અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ સંચાલિત અદ્યતન સુવિધાપૂર્ણ મા અન્નપૂર્ણા ભોજનાલયનો ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજથી પ્રારંભ કરાવ્યો હતો.

ગૃહ રાજ્યમંત્રી અને પ્રભારી મંત્રીએ મુખ્ય મહેમાન પદેથી આ પ્રોજેક્ટ પૂરો કરવામાં જે લોકોએ પોતાનું યોગદાન આપ્યું છે તેમની સરાહના કરતા જણાવ્યું હતું કે લોકડાઉનને લીધે અનેક ગરીબો ભુખ્યાં મરી જશે અને સિવિલા વોર ફાટી નીકળશે એવી વિદેશી અખબારોની હેડલાઈન છાપતાં લોકોને ગુજરાતની માનવતા, ઉદારતા અને સંસ્કાર વિશે કંઈ જ ખબર નથી. સરકારની સાથે સાથે, લોકડાઉન વખતે ગુજરાતમાં ધાર્મિક-સામાજિક સંસ્થાઓ અને અનેક લોકો ભેગા થઈને ભુખ્યાંને ભોજન કરાવતા હતા. આજેય અનેક સમાજો ભેગા થઈને સબ્સિડાઈઝ દરે ભોજન આપવાનું કાર્ય કરે છે તેને હું અભિનંદન આપું છું.





આ પ્રસંગે હર્ષ સંઘવીનું શાલ ઓઢાડીને અને સ્મૃતિચિહ્ન આપીને સ્વાગત-સન્માન કરાયું હતું. તેમજ મુખ્ય દાતા સુશ્રી શ્રીદેવીબેન હિરેનભાઈ ચોકસી અને અન્ય દાતાઓનું પણ સન્માન કરાયું હતું.

આ તકે મા અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના ચેરમેન અને રાજ્ય સભાના સાંસદ નરહરી અમીને સ્વાગત પ્રવચનમાં દાતાઓના દાન અને સંસ્થાના કાર્યોની વિગતો આપી હતી.

આ વેળાએ ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, વિવિધ પદાધિકારીઓ, ભાજપ પક્ષના કાર્યકર્તાઓ, દાતાઓ, મા અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગાંધીનગર ફાયર ઓફિસર તરીકે કૈઝાદ દસ્તુરની નિમણુંક

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્રમાં ફાયર ઓફિસરની જરુરીયાત હોવાથી મનપા તંત્રએ ફાયર બ્રિગેડના જમાદાર રાજેશ પટેલને ફાયર ઓફિસર તરીકે ચાર્જ સોંપી દીધો હતો. જો કે વિભાગમાં સિનિયોરીટી મુજબ રાજેશ પટેલ ચાર્જ સંભાળી શકે તેમ ન હોવાનો પાછળથી મનપા તંત્રને અહેસાસ થયો હતો.

જેથી મનપા તંત્રએ પોતાનો નિર્ણય બદલવાની ફરજ પડી હતી. ફાયર વિભાગના જમાદાર રાજેશ પટેલ પાસેથી ચાર્જ પરત લીધો હતો. ત્યારે ફાયર વિભાગની આ મહત્વની જગ્યા પર મહાનગર પાલિકા તંત્રએ અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ડીવીઝન ફાયર ઓફિસર કૈઝાદ એમ. દસ્તુરને ગાંધીનગર ફાયર ઓફિસરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ત્યારે નવા ફાયર ઓફિસર તરીકે કૈઝાદ દસ્તુરે ગાંધીનગર ફાયર ઓફિસે આવીને ચાર્જ પણ વિધીવત રીતે સંભાળી લીધો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા પં. દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિને “સમર્પણ દિવસ” તરીકે ઉજવણી કરી છે. જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલે વ્હાઈટહાઉસ માણસા ખાતે કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.
- આગામી સોમવારે સવારે ૯.૩૦ વાગે રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે શ્રમ એવોર્ડ વિજેતાઓને સન્માનિત કરાશે.
- ગાંધીનગર જિલ્લામાંથી હવે ધીમી ગતિએ ઠંડી ગાયબ થશે. ૧૬મી ફેબ્રુ. સુધી જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૯ થી ૩૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૫-૧૬ ડિગ્રી સે. રહેવાનુ હવામાન પૂર્વાનુમાન છે.
- માણસાના હરણા હોડા ગામે ઝાડ કાપવાના મામલે ઠપકો આપતાં હુમલો કરાયાની પોલીસ ફરિયાદ થઈ છે.
- ગાંધીનગર ખાતે યોજાયેલ ઈનોવેશનલ ફેરમાં દહેગામ તાલુકાના ૧૮ શિક્ષકોએ ભાગ લીધો હતો.
- વિદ્યાસહાયકની ભરતીને લઈ આજે બી.આર.સી. ભવન ખાતે અરજદારોનો ધસારો વધતાં એક તબક્કે ભવનના દરવાજા બંધ કરવાની તંત્રને ફરજ પડી હતી.
- ગાંધીનગર ફાયરબ્રિગેડના ફાયર ઓફિસર તરીકે કૈઝાદ એમ. દસ્તુરને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.
- સે. ૬ ના વણઉકલ્યા પ્રશ્નો અંગે વસાહતીઓ નવા સંગઠ્ઠનની રચના માટે આજે સવારે બેઠક યોજશે.
- જીપીએસસી વર્ગ-૧-૨ના રાજ્યપત્રિત અધિકારી મંડળના પ્રમુખ તરીકે રાજેન્દ્ર મહેશ્વરી અને મહામંત્રી તરીકે ભારતેન્દુ રાજગોર, ઉપપ્રમુખ તરીકે વિશાલ સોલંકી, ખજાનચી તરીકે વિપુલ પટેલ અને અન્ય હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે.
- સ્વસ્થ બાળક સ્પર્ધા મહિલા બાળ-વિકાસ વિભાગ દ્વારા હાલ કોરોનાની સ્થિતિને લઈ મોકુફ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે આરોગ્યતંત્રના તબીબી અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

## ચિલોડા એસટી બસમાંથી મુસાફર દારૂની ૧૩ બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

અમદાવાદા નારોલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા ઉમંગ સોસાયટી ઝેડ બ્લોકના ૭૦૨ ખાતે રહેતા અરવિંદ કરશનલાલ પુરોહિત (ઉં.૨૯ મુળ રહે. ગામ -સોરડા પુરોહીત વાસ તા. રેવદર જી શિરોહી) જોધપુરથી અમદાવાદ આવી રહેલી બસ નં.જી.જે.૧૮.ઝેડ.-૫૮૪૩ માં બેસીને અમદાવાદ આવી રહ્યો હતો. તે સમયે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ દ્વારા ચાલી રહેલી વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન એસટી બસને સાઈડમાં ઉભી ઉભી કરાવીને ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાન ચેક કરી રહ્યા હતા. તે સમયે અરવિંદ પુરોહીત સીટ નીચે થેલો સંતાડી શંકાસ્પદ રીતે બેઠો હતો. પોલીસે થેલો ખોલાવી ચેક કરતા તેમાંથી ૧૩ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. ચિલોડા પોલીસે રૂ.૧૨,૧૧૫ નો મુદ્દામાલ કબ્જે કરી મુસાફર સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દશેલા ગામની આંગણવાડીમાં ગેસના બાટલાની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે દશેલા ગામની આંગણવાડીનું લોક તોડી અંદર પ્રવેશી ચોર ઈસમ ગેસના બાટલો ચોરી કરી લઈ ગયો છે. આ ચોરી અંગે આંગણવાડીના કાર્યકર બહેને ચિલોડા પોલીસ મથકે બે હજારના બાટલાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

દશેલા ગામની આંગણવાડી નં.૧ ખાતે કાર્યકર તરીકે સોનલબેન રજનીકાંત પરમાર સાડા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે. જયારે તેડાગર તરીકે ગીતાબેન વાળંદ કામ કરે છે. જયારે કોરોના મહામારીમાં બાળકો આંગણવાડીમાં આવતા નથી. પરંતુ તેમના ઘરે સુખડી મોકલવામાં આવે છે. ત્યારે ગત તા.૮ ના રોજ કાર્યકર અને તેડાગર બંને બહેનો આંગણવાડી ઓફિસ બંધ કરી ઘરે ગયા હતા. જયારે તા.૯ ના રોજ સવારે આંગણવાડી આવીને જોયુ તો દરવાજનું તાળુ નીચે પડ્યું હતું. જયારે આંગણવાડીમાં અંદર જઈને તપાસ કરતા તમામ ચીજવસ્તુઓ બરાબર હતી, પરંતુ ગેસનો બાટલો દેખાયો ન હતો. સગડી અને રેગ્યુલેટર પણ પડ્યું હતું. જેથી ગેસના બાટલાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ ના મળી આવતા આખરે ચિલોડા પોલીસ મથકે રૂ. ૨ હજારના ગેસના બાટલાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તેના ‘પુષ્પાંજલિ’

ગાંધીનગર, તા.૧૧

ગૃહ રાજ્યમંત્રીશ્રી તેમજ મહાનગરના પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવીએ, આજે ગાંધીનગર ખાતે શ્રદ્ધેય પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તેના ‘પુષ્પાંજલિ’ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, પંડિત દીનદયાળને પુષ્પાંજલિ અર્પી હતી. તેઓ ભાજપાના ‘માઈક્રો ડોનેશન અભિયાન’ માં પણ હાજર રહ્યા હતા. આ વેળાએ ગાંધીનગરના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, વિવિધ પદાધિકારીઓ, ભાજપ પક્ષના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કરાતા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૧

આગામી રવિવારે યોજાનાર બિન સચિવાલય ક્લાર્ક અને ઓફીસ આસીસ્ટન્ટની પરીક્ષા રદ કરી દેવાતા તેનો રાજ્યભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા આ બાબતે વિરોધ પ્રદર્શન યોજાયુ હતુ.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૩ ફેબ્રુઆરીને રવિવારે યોજાનાર બિન સચિવાલય કારકૂન અને સચિવાલય ઓફિસ આસીસ્ટન્ટની ભરતી માટેની પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. ૨૦૧૮ માં પરીક્ષા પેપર ફૂટી જવાના કારણે રદ કરવી પડી હતી અને ફરીથી પરીક્ષા યોજાવાની હતી પણ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર જાણે યુવાનોના રોજગારની વિરોધી સરકાર હોય




એમ છેલ્લા ૭ વર્ષમાં ૯ થી વધારે વખત પરીક્ષાના પેપર લીક થયા છે અને પરીક્ષાઓ રદ થઈ છે. બિન સચિવાલય કારકૂન અને સચિવાલય ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા રદ થયા બાદ યુવાનો ફરીથી એ પરીક્ષાની તૈયારીમાં લાગ્યા હતા પરંતુ સરકારના અને ગૌણ સેવા પસંદગી મંડળના અણઘડ વહીવટને કારણે ગઈકાલે ફરીથી પરીક્ષા રદ કરી દેવામાં આવી છે જેથી પરીક્ષાની તૈયારી કરતા લાખો યુવાનો ફરી એકવાર નિરાશ અને હતાશ થયા છે. યુવક કોંગ્રેસ અન્યાયનો ભોગ બનનાર યુવાનોના સમર્થનમાં છે અને યુવાનોને ન્યાય મળી રહે તે માટે કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના દ્વારા રદ થયેલી પરીક્ષા વહેલામાં વહેલી તકે યોજવામાં આવે તેવી માંગણી સાથે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જો પરીક્ષાઓ વહેલી તકે યોજવામાં નહીં આવે અને આવી ઘટનાઓ ફરી બનશે તો યુવક કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં અતિ ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરવામાં આવશે.

## પંચ પ્રકલ્પ કાર્યક્રમ અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયો

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા સંપૂર્ણ ગુજરાતમાં જ્યાં જ્યાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકો અત્યારે પોતાના ગામમાં છે તે ત્યાં રહીને રાજયપાલશ્રીના આહવાન પર અમૃત મહોત્સવ અંતર્ગત યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે તે અંતર્ગત સ્વયસેવકો ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સ્વચ્છતા અભિયાન વિષય માહિતીગાર કરી રહ્યા છે અને તેમણે પ્લાસ્ટિકના ઉપયોગથી પર્યાવરણને થતા નુકસાનની માહિતી આપી રહ્યા છે અને સાથે સાથે રાજયપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ કાર્યક્રમ વિશેની વિસ્તૃત માહિતી આપી રહ્યા છે. આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી.

## ભાટ નીલકંઠ રેસીડેન્સીના પાર્કિંગમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ભાટ નીલકંઠ રેસીડેન્સી ખાતે મકાનની આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુકી રાખેલા એકટીવાની ચોરી થવા પામી છે. એકટીવા રૂ.૧૦ની કિંમતનું ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં વાહનચોરીના કિસ્સા વધુ બની રહ્યા છે. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરી થાય છે. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ નીલકંઠ રેસીડેન્સી મકાન નં.૬૯ ખાતે રહેતા વિનોદભાઈ નાનકરામ મટલાણી (ઉં.૪૩) પરિવાર સાથે રહે છે, તેમજ ઘીકાંટા વિસ્તારમાં ગારમેન્ટનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓની પાસે તેમના પત્નિના નામે હોન્ડા એકટીવા નં. જી.જે.૦૧.એફ.આર.-૭૬૩૧ છે. જે બંધ હાલતમાં હોવાથી સામે આવેલા મકાન નં.૭૬ ની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુકી રાખ્યું હતું. ગત તા.૨૮.૧.૨૨ થી ગત તા.૯-૨-૨૨ રોજ રાત્રીના ૧૦ કલાકે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. નીલકંઠ રેસીડેન્સીના ખુલ્લા પ્લોટમાંથી ચોરી થતા વસાહતીઓમાં પણ ભય ફેલાયો છે. ફરીયાદીએ એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં તેમજ મિત્રો સાથે મળીને ચર્ચા વિચારણા કરી હતી. જયારે રૂ.૧૦ હજારના એકટીવા ચોરી અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડા મહુન્દ્રા પાટીયા પાસે ટ્રેલર પાછળ કાર ઘુસી જતા એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મહુન્દ્રા પાટીયા પાસે ટ્રેલર પાછળ આઈ-૧૦ કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં કાર ચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું, જયારે ગાડીમાં સવાર અન્ય વ્યકતિઓને ઈજા પહોંચતા ત્રણ લોકેશનની ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. પ્રાંતિજના વડવાસા થી ડભોડા સલુજીના મુવાડા ખાતે નાગરીકો પરત ફરી રહ્યા હતા. આ બનાવથી સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.




સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા સાલુજીના મુવાડા ગામના અશોકસિંહ રંગતસિંહ હિંમતસિંહ પરમાર (ઠાકોર) ખેતીકામ કરીને પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગતરોજ સવારના ફરીયાદી તેમજ ભવાનસિંહ કેસરીસિંહ પરમાર, હાર્દિકસિંહ અજયસિંહ પરમાર, વિજયસિંહ વખતસિંહ પરમાર અને કાકાના દિકરા અજયસિંહ વખતસિંહ પરમાર આઈ-૧૦ કાર લઈને ડભોડા થી પ્રાંતિજના વડવાસા ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા. લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને બપોરના બે વાગ્યાના અરસામાં તમામ સંબંધીઓ ડભોડા આવવા માટે ગાડી લઈને નીકળ્યા હતા. ત્યારે હિંમતનગર-ચિલોડા હાઈ વે પર મહુન્દ્રા પાટીયા નજીક અને ટાટા મોટર્સના શો રૂમ પાસે આગળ જઈ રહેલા રાજસ્થાન પાર્સિંગના નં. આર.જે.૦૧.જી.બી.-૮૭૦૧ ના ટ્રેલર પાછળ અચાનક કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર તમામને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. જયારે ૧૦૮ ને કોલ કરતા ત્રણ લોકેશનની એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા હતા. જયારે વિજયસિંહ અને હાર્દિકસિંહને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જયારે ભવાનસિંહને ગંભીર ઈજા પહોંચતા અમદાવાદ લઈ જવાયા હતા. જયારે ફરીયાદીને ડાબા પગે અને હાર્દિકસિંહને જમણા પગે તેમજ વિજયસિંહને સારવાર માટે એડમીટ કરાયા છે. જયારે અજયસિંહ વખતસિંહ પરમાર કાર ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતુ. બનાવ અંગે ચિલોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ટ્રાફિક પોલીસ દ્વારા યુવાવર્ગને ટ્રાફિક નિયમોની જાણકારી આપી

કોરોના મહામારીના કેસમાં ઘટાડો નોંધાતા શહેરમાં શાળા-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત થઈ ગઈ છે. શિક્ષણ વિભાગમાં



ધમધમાટ જોવા મળતા નગરના માર્ગો પર પણ વાહનોની ચહલ-પહલ વધતી જોવા મળે છે. ત્યારે ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા યુવાનોને ટ્રાફિકના નિયમ નું પાલન કરવા માટે અપીલ કરાઈ છે.

ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા યુવાવર્ગ ટ્રાફિક નિયમો અને ગતિ નિયંત્રણનું પાલન કરે તે માટે શહેરની વિવિધ શાળાઓ પાસે જઈને યુવક-યુવતિઓને ટ્રાફિકના નિયમોની જાણકારી આપી હતી. જેમાં શહેરમાં તમારી અને બીજાની સલામતી જળવાઈ રહે તે માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવુ જોઈએ. ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ ન કરવો, લાઈસન્સ વિના વાહન ન હંકારવુ, ગતિ મર્યાદામાં વાહન ચલાવવું, રોંગસાઈડ ઓવરટેક કે રોંગ સાઈડમાં વાહન હંકારવાની ભુલ ન કરવી, તે સહિતના ટ્રાફિકના વિવિધ નિયમનું પાલન કરવા માટે યુવાવર્ગને અપીલ કરી હતી.

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
**જાહેરાત ક્રમાંક : ૨૨ - સને :૨૦૨૧-૨૦૨૨**
**(સુધારો)**

કાર્યપાલક ઈજનેર (સી), યુનીટ-૨ (સુજલામ-સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર નં. ૮, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨) દ્વારા હિસાબી કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવાઓની આવશ્યકતા હોઈ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન પાર્ટ ટાઈમ કન્સલ્ટન્ટ તરીકે હાજર રહી કામગીરી કરવાની (સેવાઓ આપવા) માટે છેલ્લી તારીખ ૧૧/૨/૨૦૨૨ની જગ્યાએ તા.૧૮/૨/૨૦૨૨ રાખવામાં આવેલ છે.

વધુ માહિતી નિગમની વેબસાઈટ https://gwrdc.gujarat.gov.in પરથી મેળવી સીલબંધ કવરમાં સૌથી ઉપર ‘સી.એ. કન્સલ્ટન્ટસીની સેવાઓ પૂરી પાડવાના ભાવો’ લખીને તા. ૧૮/૨/૨૦૨૨ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, યુનીટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેકટર નં.૮, ગાંધીનગરને ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે. માહિતી/૩૧૩૩/૨૧-૨૨

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
**સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**ઈ-ટેન્ડર નોટીસ નંબર-33 / ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેર (સી), યુનીટ-૨ (સુજલામ-સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં. ૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર દ્વારા ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર (વડી કચેરી) તેમજ ભૂ.જ.વ્ય. વીંગ કચેરી, ગાંધીનગર અને તેના હસ્તકની જુદી જુદી ક્ષેત્રીય કચેરીઓમાં જરૂરીયાત મુજબ આઉટ સોર્સીંગથી વહીવટી સેવાઓ પુરી પાડવા બાબતની ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડરમાં ભાગ લેવા માટે રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ https://www.nprocure.com વેબસાઈટ ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૧૦/૨/૨૦૨૨
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૦/૩/૨૦૨૨., ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ ફક્ત રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીક અને સમય તા. ૧૦/૩/૨૦૨૨ થી તા. ૧૬/૩/૨૦૨૨. ૧૮.૦૦ કલાક સુધી.
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : ૧૮/૩/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૧૮/૩/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે
- ટેન્ડર ઓફરની વેલીડીટી ૧૮૦ દિવસની રહેશે.

ટેન્ડર ફી રૂપિયા - ૭,૦૮૦/- (જી.એસ.ટી. સહિત) ડી.ડી. સ્વરૂપે તથા ઈએમડી રૂપિયા ૩,૬૬,૦૦૦/- (ડી.ડી અથવા એફડીઆર) “Executive Engineer (C), Unit-2 (S.S) Gandhinagar”ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને ‘ઓનલાઈન’ ટેન્ડરમાં મુકવી. વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ https://gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.gujarat.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે. માહિતી/૩૧૩૪/૨૧-૨૨

**KALPA-TARU®**
**POWER TRANSMISSION LIMITED**

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax** : +91 79 2321 1966 **E Mail** : cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended December 31, 2021**

(₹ in Crores)

| Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) |
| | December 31, 2021 | December 31, 2020 | December 31, 2021 | December 31, 2020 | March 31, 2021 | December 31, 2021 | December 31, 2020 | December 31, 2021 | December 31, 2020 | March 31, 2021 |
| Total Income from Operations | 1,848 | 1,993 | 5,052 | 5,334 | 7,671 | 3,889 | 3,501 | 10,642 | 8,863 | 12,949 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 137 | 174 | 371 | 462 | 663 | 148 | 204 | 354 | 452 | 735 |
| Net Profit for the period before tax(after exceptional and / or extraordinary items) | 399 | 328 | 588 | 630 | 831 | 348 | 410 | 539 | 662 | 945 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 315 | 257 | 428 | 485 | 615 | 259 | 308 | 420 | 475 | 662 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 308 | 254 | 418 | 498 | 631 | 250 | 308 | 424 | 490 | 672 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 | 30 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | | | 3,833 | | | | | 3,709 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| a) Basic | 21.17 | 17.19 | 28.74 | 31.79 | 40.57 | 18.13 | 20.60 | 29.08 | 32.58 | 44.25 |
| b) Diluted | 21.17 | 17.19 | 28.74 | 31.79 | 40.57 | 18.13 | 20.60 | 29.08 | 32.58 | 44.25 |

**Notes to consolidated results:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 11, 2022. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.

3 Kurukshetra Expressway Private Limited (“KEPL” or “Concessionaire”), a joint venture (49.57%) of JMC Projects (India) Ltd (“JMC”), issued a notice of termination of Concession Agreement (“CA”) vide letter dated October 7, 2021 to the National Highway Authority of India (“NHAI”) on account of continuous disruption and blockade of traffic on National Highway-71 due to farmer agitation with stoppage of toll collection. The provisions of Concession Agreement provides for termination where events which are not in control of KEPL, and obliges NHAI paying KEPL for repayment of Debt Due along with Adjusted Equity after necessary adjustments. During the previous quarter ended September 30, 2021, JMC (a subsidiary of the Company) had recognized provision towards Expected credit loss of ₹ 49 Crores against loans given to KEPL / others. Further, the Promoters of KEPL have, jointly and severally given ‘shortfall undertakings’ to the Senior Lenders, should there be any shortfall between amounts received from NHAI and that payable to KEPL's lenders. KEPL has received copy of the letter dated February 3, 2022 sent by an Independent Engineer (“IE”) appointed by NHAI in which the IE has sought to limit the amount payable (net of other deductions) as “Termination Payment”. Accordingly, in light of the above JMC has made further provision for Expected Credit Loss of ₹ 46 Crores. JMC has also recognized ₹ 40 crores towards their share (49.57%) being a potential shortfall, if any, which is disclosed as an exceptional item. JMC has made above provisions without prejudice to its and KEPL legal rights and claims against NHAI and will continue to pursue these amounts against KEPL. Further, it will seek KEPL to pursue their claims and termination payment against NHAI notwithstanding the above recognition."

4 Exceptional items for the current quarter includes:(i) The Company was holding 74% equity stake in Kohima Mariani Transmission Limited (KMTL), a joint venture between the Company and Techno Electric & Engineering Company Limited (TEECL). The Company and TEECL have entered into a Share Purchase and Shareholders Agreement dated 3rd July 2019 (“the Agreement”) with Apraava Energy Private Limited (formerly known as CLP India Private Limited – “the Buyer”) to sell their respective equity stake in KMTL. Pursuant to the Agreement, the Company has sold 23% stake and transfer the control of KMTL on December 20, 2021 and the balance 51% stake will be transferred after obtaining requisite approvals. In accordance with Ind AS 28 “Investments in Associates and Joint Ventures” and Ind AS 109 “Financial Instruments”, the Company has recognized entire gain of ₹ 262 Crores (net of expenses) in relation to transfer of 23% equity stake and fair value gain on retained equity stake of 51% in KMTL.(ii) During the current quarter, Shree Shubham Logistics Limited, a subsidiary company, has recognised impairment loss of ₹ 22 Crores on Property, Plant and Equipments."

5 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

**Place : Mumbai**
**Date : February 11, 2022**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a.) In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants. b.) Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.